ઊંઝામાં કેટલાક તત્વો દ્વારા ગરમ મસાલામાં ભેળસેળ કરી લોકોના આરોગ્ય સાથે ચેડા

ઊંઝા, તા. ૯

ઊંઝા વિસ્તારમાં છેલ્લા ઘણા વખતથી કેટલાક તત્વો મસાલાની ચીજો જીરૂ અને વરિયાળીમાં અખાદ્ય વસ્તુઓની ભેળસેળ કરીને લોકોના આરોગ્ય સાથે ચેંડા કરી રહ્યા છે. તાલુકામાં ભેળસેળની થયેલી પ્રવૃત્તિને અટકાવવા માટે કાયદાકીયરીતે કડક પગલાં ન ભરાતાં આ પ્રવૃત્તિએ વેગ પકડ્યો હોવાનું ચર્ચાય છે. રાજ્ય અને જિલ્લાના ખોરાક અને ઔષધનિયમન તંત્રના અધિકારીઓ વર્ષમાં એક બે દરોડા પાડીને કાર્યવાહી કર્યાનો સંતોષ માને છે. પરંતુ વર્ષોથી બેકાબુ બનેલ આ હિન પ્રવૃત્તિને સદંતર ડામવા માટે કોઈજ અસરકારક પગલાં ભરાતાં નથી. પરિણામે તાલુકામાં ભેળસેળની પ્રવૃત્તિ ખૂબ વધી જવા પામી છે.

આજે ઊંઝા તાલુકાના ટૂંડાવ ગામની સીમમાં આવેલ એક ફેક્ટરીમાં ખોરાક અને ઔષધ નિયમનતંત્રના અધિકારીઓએ ભેળસેળ અંગે દરોડો પાડી રૂપિયા પોણા ત્રણ લાખ ઉપરાંતની કિંમતની મત્તાની વરિયાળીમાંથી નકલી જીરૂ બનાવેલ ૫૮ બોરીઓનો જથ્થો કબજો કરેલ છે.

વિગત એવી છે કે, ઊંઝા તાલુકામાં દંડાવ-સિંહી કાચા માર્ગ પર ખેતરમાં આવેલ એક ફેક્ટરીમાં વરિયાળીમાંથી નકલી જીરૂ બનાવવામાં આવી રહ્યું હોવાની શંકાના આધારે મહેસાણા ખોરાક અને ઔષધ નિયમનતંત્રના અધિકારીઓએ આજે સવારે પોલીસને સાથે રાખી અચાનક દરોડો પાડ્યો હતો. જેમાં ફેક્ટરી માલિક દિનેશભાઈ કાન્તિભાઈ પટેલ રહે. ઊંઝાવાળા પાસેથી માસિક ચાર હજારના ભાડેથી બારમાસ સુધી ભાડાપેટે ફેક્ટરી ચલાવનાર ઊંઝાના અમિતકુમાર વિષ્ણુભાઈ પટેલ વરિયાળીમાંથી નકલી જીરૂ બનાવતા હોવાનું માલૂમ પડ્યું હતું. જેથી ફેક્ટરીમાંથી ૫૮ બોરીઓમાં ભરેલ ૪૩૫૦ કિલોગ્રામ વજનનો નકલી જીરૂનો જથ્થો કબજે કર્યો હતો. પકડાયેલ નકલી જીરૂની કિંમત રૂપિયા ૨,૮૨,૭૫૦ ની થવા જાય છે. આ બાબતે ઊંઝા પોલીસમથકે ફક્ત જાણવા જોગ નોંધ થયેલ છે. ભારતીય ફોજદારી ધારા તેમજ ફૂડ એન્ડ ડ્રગ્સ એક્ટ મુજબ ગુનો દાખલ ન થતા લોકોમાં શંકાકુશંકાઓ જાગી છે. અગાઉ પણ ટૂંડાવ ગામની સીમમાંથી લાખોની કિંમતની મત્તાની નકલી જીરૂની ગુણીઓ પકડાઈ હતી. દરમિયાન ટૂંડાવના સરપંચે ગામની સીમમાં મસાલાની ચીજોમાં થતી ભેળસેળ સામે સખ્ત વિરોધ દર્શાવી ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારીઓની કાર્યશૈલી વિશે બળાપો વ્યક્ત કર્યો હતો. ઊંઝા બજાર સમિતિના પૂર્વ ચેરમેનના ગામની સીમમાં જ છેલ્લા કેટલાયે સમયથી ભેળસેળની પ્રવૃત્તિ ચાલી રહી હોઈ પ્રજામાં તરેહતરેહની ચર્ચાઓ થઈ રહી છે.

ભિલોડા કોટેઝ હોસ્પિટલના મેડીકલ ઓફીસરો ધ્વારા ઉદ્ધતાઈભર્યા જવાબો આપતા પ્રજાજનોમાં રોષ

ભિલોડા, તા.૯

ભિલોડા કોટેઝ હોસ્પિટલના અમુક મેડીકલ ઓફીસરો ધ્વારા ઉદ્ધતાઈભર્યા જવાબો આપતા પ્રજાજનોમાં રોષ ભભુકી ઉઠ્યો છે.વિજયનગર તાલુકાના સરદારનગર ગામના રહેવાસી જગદીશભાઈ કિરણભાઈ ખરાડીના જણાવ્યા મુજબ ભિલોડા કોટેજ હોસ્પિટલ ઈમરજન્સી સારવાર કેન્દ્રમાં મેડીકલ ઓફીસર પાસે કિરણભાઈ નાનજીભાઈ ખરાડીને મોઢાના અંદરના ભાગમાં સોજા આવી ગયા હોવાના કારણે સારવાર અર્થે લઈ ગયા હતા ત્યારે ઈમરજન્સી સારવાર કેન્દ્રમાં ફરજ બજાવતા મેડીકલ ઓફીસર ધ્વારા ઉદ્ધતાઈભર્યું વર્તન કરવામાં આવેલ હોવાનું જાણાવ્યું હતું.

ભિલોડા કોટેઝ હોસ્પિટલનો અમુક સ્ટાફ વર્ષોથી અડીંગો જમાવીને બેઠો હોવાના કારણે આળસુ પ્રકૃતિનો બન્યો છે.ભિલોડા કોટેઝ હોસ્પિટલનો વહીવટ દિન-પ્રતિ-દિન કથળતો જાય છે. અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાંથી સારવાર અર્થે આવતા અમુક દર્દીઓ સાથે મેડીકલ ઓફીસરો ઉદ્ધતાઈભર્યું વર્તન કરતા હોવાના કારણે દર્દીઓને પારાવાર મુશ્કેલીઓ તેમજ અપમાન સહન કરવાનો વારો આવે છે. ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં અપુરતો સ્ટાફ હોવાના કારણે લાખ્ખો રૂપીયાની મશીનરી ધુળ ખાઈ રહી છે સાથે-સાથે જાણવા મળ્યું છે કે દવાઓ પુરતા પ્રામણમાં મળતી નથી જેથી ગરીબ દર્દીઓને પ્રાઈવેટ મેડીકલોમાંથી દવાઓ ખરીદવાનો વારો આવતો હોય છે જેના કારણે ગરીબ દર્દીઓ હેરાન-પરેશાન બનતા હોય છે. ભિલોડા તાલુકાના કુંડોલપાલ ગામ પાસે આશરે દોઢ મહિના પહેલા ભયંકર ગોઝારો અકસ્માત સર્જાયો હતો ત્યારે પણ ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં અપુરતો સ્ટાફ હતો જેના કારણે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો.

ભિલોડા વિસ્તારમાં અસામાજીક તત્વોની રંજાડ

ભિલોડા, તા.૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા નજીકના નારણપુર-નારસોલી, નારસોલીટાંડા, પતલેશ્વર તેમજ હાથમતી અને બુદ્રેલી નદીના વચ્ચેના વિસ્તારોમાં તેમજ ધોલવાણી ત્રણ રસ્તા વિસ્તારમાં છેલ્લા દસેક દિવસથી આ વિસ્તારના ગામોમાં રાત્રીના ૯:૦૦ ના સુમારે જાણે કે સનાટ્ટો છવાઈ જતો હોઈ તેવુ કહેવાય છે. રાત પડતાની સાથે જ લોકો ઘરમાં ભરાઈ જાય છે.

જીવણપુર પાસેથી ૭૬ લાખનો વિદેશી દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ

મોડાસા પોલીસે ૮૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો : એકની ધરપકડ

ધનસુરા, તા. ૯

મોડાસાના જીવણપુર નજીક ગાંધીનગર આર.આર.સેલ તથા મોડાસા રૂરલ પોલીસે સંયુક્ત ઓપરેશનમાં હતા ત્યારે જીવણપુર નજીક ટ્રકની તલાસી લેતા ટ્રકમાંથી ૭૬ લાખનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસ આ સંદર્ભે કુલ ૮૬ લાખના મુદ્દામાલ સાથે એક શખ્સની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એ.કે. વાળા તથા ગાંધીનગર આર.આર. સેલના પોલીસ કર્મીઓ અને મોડાસાના જીવણપુર નજીક વાહન ચેકીંગ કરી રહ્યા હતા ત્યારે રાજસ્થાન પાસિંગની ટ્રક નં. આર.જે.૧૪-૨જી-૦૧૩૧ ની તલાસી લેતા તેમાંથી ૧૫૯૦ પેટી જેમાં ૭૬૩૨૦ નંગ બોટલ મળી કુલ ૭૬,૩૨,૮૦૦નો વિદેશી દારૂનો જથ્થો તથા ૧૦ લાખની ટ્રક મળી અંદાજે ૮૬,૩૨,૮૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. અને ટ્રક ચાલક લાખનસિંહ કાલુઆરામ ગુર્જર (જી. ભરતપુર)ની ધરપકડ કરી છે. જ્યારે કાલુ નામનો અન્ય એક શખ્સ ફરાર થઈ ગયો હતો. મોડાસા રૂરલ પોલીસે પ્રોહીબિશન એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. એ.કે. વાળા ચલાવી રહ્યા છે.

રામાયણ-મહાભારતની સ્ત્રીઓની અધૂરી ઓળખને બદલે એમનાં તેજસ્વી વ્યક્તિત્વોની આગવી ઓળખ

વલ્લભ વિદ્યાનગર, ૦૮

ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)ના અધ્યક્ષ શિક્ષણમહર્ષિ ડૉ.સી.એલ.પટેલની ઉપસ્થિતિમાં શનિવારે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની અનોખી ઉજવણીના પર્વ નિમિત્તે 'વેદથી મહાભારતનાં નારીપાત્રોનો ગહન અભ્યાસ કરનાર' વિદુષિ ડૉ.ટીના દોશીની સર્વપ્રથમ ત્રિદિવસીય નારીકથાના સમાપનપર્વમાં રામાયણ-મહાભારત કાળનાં નારીપાત્રો સીતા, કૈકેયી, કૌશલ્યા, શૂર્પણખા, મંદોદરી અને દ્રોપદીની પ્રચલિત અધૂરી ઓળખને બદલે એ મહાન વ્યક્તિત્વોની બળૂકી ઓળખ રસપ્રદ પ્રસંગો અને ગીત-સંગીતની રસલ્હાણ સાથે ઈતિહાસમાં એક સુવર્ણપુષ્પનું ઉમેરણ થયું હતું.

સર્વપ્રથમ ત્રિદિવસીય નારીકથાને પોરબંદરના સાંદીપનિ વિદ્યા નિકેતનના શ્રી રમેશભાઈ ઓઝા(ભાઈશ્રી)એ ખાસ શુભેચ્છા પાઠવી હતી.

સીવીએમના ભારતીય મહિલા વિશ્વકોશનાં રિસર્ચ ફૅલો અને સરદાર પટેલ સંશોધન સંસ્થાન-સૅરલિપનાં અધ્યાપક ડૉ.ટીના દોશીની સર્વપ્રથમ ત્રિદિવસીય નારીકથાને શિક્ષણનગરી વલ્લભ વિદ્યાનગરમાંથી જ નહીં, સમગ્ર ગુજરાત અને ગુજરાત બહારના ગુજરાતી સમાજે સુંદર આવકાર આપ્યો છે. મહિલાઓને બિચારી-બાપડી ગણવાની પ્રચલિત માન્યતાઓનું ખંડન કરતાં ડૉ.ટીના દોશીએ સંશોધન-અધ્યયનને આધારે મહિલાઓ પરાપૂર્વથી બળુકી અને વિશેષજ્ઞ હોવાનું લોકભોગ્ય શૈલીમાં બુદ્ધિજીવીઓ અને જનસામાન્ય સમક્ષ મૂકવાના કરેલા પ્રશંસનીય કામને વધાવવા માટે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ અને બીજાં મહાનુભાવો પધાર્યાં હતાં. ૮ માર્ચના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે સર્વપ્રથમ નારીકથાની પૂર્ણાહુતિને ખરા અર્થમાં

'મહિલા પુનઃસશક્તિકરણ'(વીમેન રિ-ઍમ્પાવરમેન્ટ) ગણાવ્યું હતું.

સમાપનપર્વના અંતિમ ભાગમાં સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે ચારુતર વિદ્યામંડળના ભારતીય મહિલા વિશ્વકોશનાં રિસર્ચ ફૅલો ડૉ.ટીના દોશીની સર્વપ્રથમ નારીકથાને બિરદાવીને આશીર્વાદ આપતાં કહ્યું હતું કે સર્વપ્રથમ નારીકથા વલ્લભ વિદ્યાનગરની પવિત્રભૂમિ પર યોજાયા પછી એ વ્યાપક સ્તરે અન્યત્ર પણ વિસ્તરે એવી અપેક્ષા કરું છું ડૉ.ટીના દોશીએ જયાં પણ નારીકથા કરવાની હોય તેને માટે સઘળી જવાબદારી ચારુતર વિદ્યામંડળ ઉપાડશે એવું પણ તેમણે જાહેર કર્યું હતું. સમાપનપર્વમાં અધ્યક્ષસ્થાનેથી ડૉ.પટેલે સ્વીકારોક્તિ કરી હતી કે વેદથી માંડીને મહાભારત સુધીની મહિલાઓનાં નોંખા વ્યક્તિત્વોની જે સુંદરરીતે ડૉ.ટીનાએ રજૂઆત કરી એ સાંભળીને મને અનુભવાયું કે આ સર્વપ્રથમ નારીકથાના પ્રથમ બે દિવસ મારે એના શ્રવણ માટે આવવું જોઈતું હતું.

આણંદના શ્રી રામકૃષ્ણ સેવા મંડળનાં માનદ મંત્રી શ્રીમતી જ્યોત્સનાબહેન પટેલે ડૉ.ટીના દોશીને અભિનંદન આપતી વખતે હવે પછીની બીજી નારીકથા આણંદમાં અમારા મંડળના નેજા હેઠળ યોજવા અમો તત્પર છીએ. આવું જ રાજકોટ સ્થિત યુજીસી ઍકેડેમિક સ્ટાફ કૉલેજના નિયામક ડૉ.કલાધર આર્ય અને અમદાવાદમાં પ્રિ.ડૉ.ઉર્મિલાબહેન ચીમનભાઈ પટેલના નેજા હેઠળ ચાલતી કૉલેજોના સરદાર પરિવારનાં કૉ-ઑર્ડિનેટર પ્રિ.મીરાબહેન મેનને પણ અમદાવાદમાં સરદાર પટેલ કૉલેજોના સમૂહના ઉપક્રમે ડૉ.ટીના દોશીની નારીકથા કરવા માટે ડૉ.ઉર્મિલાબહેન વતી નિમંત્રણ આપ્યું હતું. ગુજરાતના જાણીતા સાહિત્યકાર ડૉ.કેશુભાઈ દેસાઈએ પોતાના પરિવારનાં સભ્ય ડૉ.ટીના દોશીની સર્વપ્રથમ નારીકથાના ઉપક્રમને બિરદાવ્યો હતો અને તેનો વ્યાપ સતત વિસ્તરતો જાય એવી શુભકામના વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે સૌપ્રથમ ત્રિદિવસીય નારીકથા કરનાર સૅરલિપનાં અધ્યાપિકા ડૉ.ટીના દોશીએ ભારતીય મહિલા વિશ્વકોશ પ્રકલ્પ પર પોતે એક દાયકાથી કામ કરવા ઉત્સુક હતાં અને ઘણા મહારથીઓ સમક્ષ આ પ્રકલ્પ મૂક્યો હતો પરંતુ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે એનો સ્વીકાર કરીને મારા જીવનના સ્વપ્નને સાકાર કરવાનું નિમિત્ત પૂરું પાડ્યું અને છેલ્લાં ત્રણ વર્ષથી ભારતીય મહિલા વિશ્વકોશ પર કામ કરતાં મને નારીઓની કથા કરવાનો વિચાર આવ્યો. આ વિચારને પણ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.પટેલ અને તેમના માનદ મંત્રીઓએ સ્વીકારી લીધો એ બદલ તેમનો અને સમગ્રપણે ચારુતર વિદ્યામંડળનો હું સવિશેષ આભાર માનું છું.

'સીતા રામની પત્ની હતી. રાવણ એનું હરણ કરી ગયો અને અંતે એ ધરતીમાં સમાઈ ગઈ' એવી બિચારી-બાપડી સીતાની અધૂરી ઓળખને સાચા સ્વરૂપે દુહા-છંદ સાથે રજૂ કરતાં ડૉ.દોશીએ કહ્યું હતું : 'સીતા કાંઈ બિચારી-બાપડી નહોતી. એ તો શક્તિનો પૂંજ હતી. તેજનો અંબાર હતી. જ્ઞાની હતી અને વિદુ"ી હતી. એ ભાષાશાસ્ત્ર, સામુદ્રિકશાસ્ત્ર અને પૌરાણિક કથાઓની જાણકાર હતી. એના એ જ્ઞાનની ઝલક રામાયણમાં વારંવાર જોવા મળે છે'. એવું કાંઈક દ્રોપદીનું હતું. પાંચ પાંડવોને પરણેલી દ્રોપદીની ઓળખ માત્ર ચીરહરણ પૂરતી સીમિત નહોતી. દ્રોપદી વિદુષી હતી. એણે પિતા દ્રુપદ રાજાના ખોળામાં બેસીને બૃહસ્પતિ નીતિનું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. દ્રોપદી સ્પષ્ટવક્તા હતી. એ પતિને પણ સાચું કહેતાં અચકાતી નહોતી. સાથે જ પતિની જવાબદારીઓ પણ પોતાના શિરે લઈ લેતી. દ્રોપદી ગણિતશાસ્ત્રમાં પારંગત હતી એટલું જ નહીં, એ પાંડવોની નાણાંમંત્રી, મહેસૂલ મંત્રી અને ગૃહમંત્રી હતી. વેદથી મહાભારત સુધીની સ્ત્રીઓના ઈતિહાસ પરથી પ્રેરણા લઈને અને સ્ત્રીની નિંદા કરવાને બદલે એને માન આપીએ એવું કહેતાં ડૉ.ટીના દોશીએ દુહો રજૂ કર્યો હતો :

નારીને નવ નીંદીએ, નારી રત્નની ખાણ
નારી ઘરનું નૂર છે, નારી જગતનું માન.

સમાપનપર્વમાં દશરથ રાજાનાં પટરાણી અને શ્રીરામનાં માતા કૌશલ્યાને ઔષધિશાસ્ત્રનાં જ્ઞાતા, કૈકયી અને શૂર્પણખાનાં પ્રચલિત ખલનાયક વ્યક્તિત્વોથી વિપરીત એમનાં વિશિષ્ટ વ્યક્તિત્વોનો કથાકાર ડૉ.દોશીએ ઉદાહરણ આપીને અનોખો પરિચય કરાવ્યો હતો. કૈકેયી કુશળ સારથિ અને અસ્ત્રશસ્ત્રવિદ્યામાં પારંગત હતી. રાવણની બહેન શૂર્પણખાએ રાવણને રાજનીતિનો બોધ કર્યો હતો તેમજ કેવો રાજા સફળ અને લોકપ્રિય થાય તે સમજાવ્યું હતું. રાવણની પટરાણી મંદોદરી સામાન્ય રીતે અજાણી રહે છે, પણ તે નીતિશાસ્ત્રમાં નિપુણ હતી એટલું જ નહીં તે અસુરકુળની ઈતિહાસવિદ હતી. સમાપનપર્વમાં મૂળ બોટાદના ભગા દોશી પરિવારનાં અને મોસાળ ક્રાંગડામાં જન્મેલા અને મુંબઈમાં ઉછેર-શિક્ષણ મેળવનાર ૪૬ વર્ષીય ડૉ.ટીના દોશીએ પોતાના ભારતીય મહિલા વિશ્વકોશ પ્રકલ્પને સ્વીકારીને સંશોધનકાર્ય માટે મોકળાશ કરી આપવા બદલ ચારુતર વિદ્યામંડળ અને ખાસકરીને એના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલનો આભાર માન્યો હતો. સંકલ્પિત પાંચ ગ્રંથમાંથી મહિલા વિશ્વકોશનો ૧૧૦૦ પાનાંનો પ્રથમ ગ્રંથ ત્રણ વર્ષની જહેમતથી પૂર્ણ થયો છે અને પ્રકાશન માટે ગયો છે. સર્વપ્રથમ નારીકથાના વિચારને પણ સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે લીલીઝંડી આપીને ઈતિહાસસર્જક પગલું ભરવાની આપેલી તક બદલ ડૉ.ટીનાએ ખાસ લાગણી વ્યક્ત કરી હતી.

સર્વપ્રથમ ત્રિદિવસીય નારીકથાના ઉપક્રમને વધાવવા માટે શનિવારના સમાપનપર્વમાં શિક્ષણમહર્ષિ ડૉ.સી.એલ.પટેલ ઉપરાંત લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર ડૉ.કેશુભાઈ દેસાઈ, શ્રી રામકૃષ્ણ સેવામંડળનાં મંત્રી અને અભ્યાસથી ઈજનેર એવાં શ્રીમતી જ્યોત્સનાબહેન પટેલ, રાજકોટસ્થિત યુજીસી ઍકેડેમિક સ્ટાફ કૉલેજના નિયામક ડૉ.કલાધર આર્ય, અમદાવાદના સરદાર પરિવારની કૉલેજોનાં કૉ-ઑર્ડિનેટર પ્રિ.મીરાબહેન મેનન, એસ.વી.કોમર્સ કૉલેજનાં આચાર્ય પ્રિ.રૂપલબહેન પટેલ, નિવૃત્ત પ્રાધ્યાપક ઉષાબહેન શાહ, લાંભવેલના વડીલ શ્રી ઉમેદભાઈ પટેલ, આણંદ એજ્યુકેશન કૉલેજનાં આચાર્ય અને સિન્ડિકેટ સભ્ય ડૉ.વર્મલા ટી.ભમ્વરી, સહિતનાં મહાનુભાવો ખાસ પધાર્યાં હતાં. ઉપસ્થિત મહાનુભાવોમાં ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલ, માનદ કાર્યકારી મંત્રી ડૉ.જે.ડી.પટેલ, માનદ સહમંત્રીશ્રીઓ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ,

ડૉ.એસ.જી.પટેલ અને પ્રિ.આર.સી.દેસાઈ, ગુજરાતના જાણીતા ન્યૂરોસર્જન ડૉ.વાય.સી.શાહ, નિવૃત્ત પ્રાધ્યાપક શ્રીમતી ઉષાબહેન શાહ, ગૂજરાત વિદ્યાપીઠના ગાંધી વિચાર વિભાગનાં વડાં ડૉ.પુષ્પાબહેન મોતિયાની, અમદાવાદની સહજાનંદ કોમર્સ કૉલેજના આચાર્ય શ્રી ઘનશ્યામભાઈ પટેલ, ગાંધી વિચાર વિદ્યાર્થી સંઘના મહામંત્રી ડૉ.કનુભાઈ રાજપરા, દાતાશ્રી શ્રીમતી વાસંતીબહેન પટેલ, ડૉ.આર.પી.પટેલ, સ.પ.યુનિવર્સિટીનાં સિન્ડિકેટ સભ્યો ડૉ.રેખાબહેન ઈમેન્યુઅલ, ડૉ.માલાબહેન ભમ્વરી, ડૉ.ડી.જી.પટેલ અને ડૉ.ઘનશ્યામસિંહ ગઢવી ઉપરાંત શિક્ષણ સંસ્થાઓના આચાર્યો, અધ્યાપકો, શિક્ષકો, વેદથી મહાભારત સુધીનાં વિશિષ્ટ નારીપાત્રોની નોખી વાતો જાણવા ઉત્સુક વયોવૃદ્ધોથી લઈને યુવાપેઢીનાં પ્રતિનિધિ સ્ત્રીપુરુષ બહોળી સંખ્યામાં ઉપસ્થિત હતાં. ૮૯ વર્ષીય ગાંધીવાદી કાર્યકર ઉમેદભાઈ પટેલ (લાંભવેલ), ડૉ.કેશુભાઈ દેસાઈ (ખેરાળુ-ગાંધીનગર) અને ડૉ.પુષ્પાબહેન મોતીયાની (ગૂજરાત વિદ્યાપીઠ)એ સર્વપ્રથમ નારીકથાકાર ડૉ.ટીના દોશીને શાલ ઓઢાડીને તેમનું સન્માન કર્યું હતું.

સૌનું સ્વાગત સૅરલિપના નિયામક ડૉ.હરિ દેસાઈએ કર્યું હતું. સમગ્ર ત્રિદિવસીય કાર્યક્રમના સંયોજકની જવાબદારી સૅરલિપના અધ્યાપક ડૉ.વસંત પટેલે નિભાવી હતી. સૅરલિપના કર્મચારીગણ ઉપરાંત એમ.ફિલ. અને પીએચ.ડી.નાં વર્તમાન અને પૂર્વ વિદ્યાર્થીઓએ આયોજનમાં સક્રિય સહયોગ આપ્યો હતો. ત્રણેય દિવસ ગીત-સંગીત વૃંદનું સુકાન સીવીએમની આઈ.બી.પટેલ ઈંગ્લિશ સ્કૂલના આચાર્ય ડૉ.મહેશભાઈ ખ્રિસ્તીએ સંભાળ્યું હતું.

ઉમિયા જ્ઞાન વિદ્યામંદિરનો વાર્ષિકોત્સવ યોજાયો

તલોદ, તા. ૯

બાવનગોળ કડવા પાટીદાર સમાજવાડી ટ્રસ્ટ સંચાલિત શ્રી ઉમિયા જ્ઞાન અને વિદ્યામંદિર નામની શૈક્ષણિક સંસ્થા કેટલાક વર્ષોથી તલોદ તાલુકા પંથકના બાળ વિદ્યાર્થીઓને શિક્ષણ-સંસ્કારનું સિંચન કરે છે. ચાલુ વર્ષનું શૈક્ષણિક સત્ર પુરૂ થવા આવેલ હોઈ સંસ્થાએ 'નર્તનમ' અંતર્ગત વાર્ષિકોત્સવનું આયોજન કર્યું હતું. આ વાર્ષિકોત્સવના સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગ્રામ્ય વિસ્તારના બાળ કલાકારોએ ખરેખર શહેરના કલાકારોને છાજે તેવી આગવી અનોખી ભૂમિકા અદા કરી બતાવી હતી.

હજારો પ્રેક્ષકો, દાતાશ્રીઓ, ટ્રસ્ટીગણ અને બાળકોના વાલીઓની વિશાળ ઉપસ્થિતિ શ્રી ઉમાધામ-સલાટપુર ચાર રસ્તા ખાતે ગતરોજ રાત્રે યોજાયેલા આ વાર્ષિકોત્સવ સમારોહમાં બાળ કલાકાર સ્પર્ધકોએ નૃત્ય, ડાન્સ, ગરબા અને નાટક સહિતના અનેકવિધ મનોરંજન કાર્યક્રમનો મનભાવન રસથાળ પિરસ્યો હતો. જે માણીને પ્રેક્ષકો અને શાળા સંચાલક મંડળના સદસ્યો પણ પ્રભાવિત થયા હતા. બાળકોની એક પછી એક પ્રસ્તુત થયેલી કલાની કદર કરી સમાજના શ્રેષ્ઠીઓએ ઉદાર સખાવતો બાળ વિકાસના લાભાર્થે જાહેર કરી હતી. તો કેટલાક દાતાઓએ બાળકોને સામૂહિક ભોજન આપવાની પણ જાહેરાત કરી હતી.

બાળકોને કલાનો વારસો સિંચીને શાળાના સ્ટાફે તૈયારી કરી હતી. જે તમામને ટ્રસ્ટી મંડળના પ્રમુખ ત્રિભોવનદાસ પટેલ અને મંત્રી ધનજીભાઈ પી. પટેલ સહિતના ટ્રસ્ટીઓએ અને પ્રેક્ષકોએ પણ બિરદાવી હતી.

ડીસામાં બેંગલોરના ત્રણ વેપારીઓની હત્યા મામલામાં ડી.એન.એ. ટેસ્ટ

ડીસામાં વર્ષ ૨૦૦૯માં બેંગ્લોર નજીકના અલીપુરમાં રહેતાં અને સ્ટોનનો વેપાર કરતાં ત્રણ યુવાનોને શૈયાસુખની લાલચ આપી ડીસા લાવીને જૂનાડીસા નજીક બનાસ નદીના પટમાં મોતને ઘાટ ઉતારી દેવાની ઘટનાથી રાજયભરમાં ચકચાર મચી જવા પામ્યો હતો, અને તે બાદ તપાસ એજન્સીએ હત્યાનું કાવતરું ઘડી આ ત્રણ વહેપારીઓને ઠંડે કલેજે પતાવી નાખી દાટી દઈ કરેલા જઘન્ય અપરાધ મામલામાં કુલ આઠ આરોપીની ધરપકડ કરી હતી. જેમાં આ કેશમાં ચાર્જશીટ થતા અને કેશ ટ્રાયલ પર આવેલ છે ત્યારે ગુનામાં મહત્વનાં પુરાવા સમાન મૃતકો અને તેમના પરિવારોનો ડી.એન.એ. ટેસ્ટ કરાયો છે. ડીસા તાલુકા પી.આઈ. ભદોરિયા મૃતકોનાં વિશેરા અને પરિવારનાં સભ્યોનો ડી.એન.એ. ટેસ્ટ રીપોર્ટ રજુ કરી આ ચકચારી કેશમાં કોર્ટ સમક્ષ રજુ કરશે. સપ્લીમેન્ટરી આરોપનામું રજુ કરવાની કાર્યવાહી હાથ ધરાતા આ કેશનાં આરોપીઓ સામે કાયદાનો ગાળિયો વધુ મજબુત બનેલ છે.

ડીસા પંથકમાં પાંચ વર્ષ અગાઉની આ ઘટના તરફ નજર કરીએ તો પાંચ વર્ષ અગાઉ બેંગ્લોરના અલીપુર ગામમાં રહેતાં અને ટોપાઝ અને ગુરૂ જેવા ઝવેરાત માટેના સ્ટોનનો વેપાર કરતાં મીર શાની અબ્બાસ, શહુર રાજા અને જબીર અબ્બાસ ડીસા તાલુકાના માલગઢના ઈશ્વર રાજપૂત સાથે પરીચયમાં આવ્યા હતા. ત્યારે ઈશ્વરે ગુજરાતમાં ધંધો સારો ચાલશે તેમ કહી પાલનપુર બોલાવ્યા હતા. ગુજરાતમાં આવેલા ત્રણેય મુસ્લિમ યુવાનો પાસે ૩૦ લાખનો માલ હોવાથી બધાની દાનત બગડી હતી. ત્યારે અન્ય મિત્રોએ આ યુવાનોને શૈયાસુખની લાલચ આપી જૂનાડીસા નજીકના એક ફાર્મ પાસે લઈ ગયા હતા. જયા વારાફરતી ત્રણેય મુસ્લિમ યુવાનોને મોતને ઘાટ ઉતારીને ખાડામાં દફન્નાવી દીધા હતા.જયાં આ ગુનાહિત કાવતરા બાદ ના ત્રિપલ મર્ડર ના તમામ આઠ આરોપીઓ એ ગુના પર પડદો પાડવા ની કોશીસ કરી હતી, જેમાં મુખ્ય માસ્તર માઈન્ડ ઈશ્વર આ યુવાનો પાસેથી રૂપિયા ૧૫ લાખના સ્ટોન લઈને બેંગ્લોર પહોંચ્યો હતો. જયાં બેંગ્લોરની પોલીસે તેને ઝડપી લેતાં સમગ્ર ઘટનાનો ભાંડો ફુટી ગયો હતો.ત્રણેય મુસ્લિમ યુવાનોની લાશને બહાર કાઢી પી.એમ. માટે મોકલી આપી હતી.અને જે-તે વખત ના તપાસ અમલદારે આ ત્રિપલ મર્ડર કેશ માં આઠ ને ઝડપી જેલ હવાલે કર્યા હતા

જે કેશ માં ડી.એન.એ. પુરાવો આ મળેલા મૃત દેહો બેંગ્લોરથી ગુમ થયેલા વહેપારીઓનાં જ છે કે કેમ ? તે પુરાવો કાયદાની ભાષામાં સાબિત કરવો જરૂરી બન્યો હતો, અને તે બાબતે હાલના તપાસ અમલદાર ડીસા તાલુકા પોલીસ ઈન્સ્પેક્ટર આર. એમ. ભદોરિયાએ મૃતકના બ્લડ સેમ્પલ અને વિસેરા તેમજ મૃતકોનાં માતા-પિતાનાં બ્લડ સેમ્પલો મેળવી તેને એફ. એસ. એલ. ખાતે ડી.એન.એ. ટેસ્ટ અર્થે મોકલાવ્યા હતા, જેના રીપોર્ટમાં સ્પષ્ટ થયું હતું કે મૃતકો બેંગ્લોરના અલીપુર ગામમાં રહેતાં વહેપારીઓ જ છે જે આધારે મહત્વનો વૈજ્ઞાનીક પુરાવો કામની ટ્રાયલ ચલાવતી સક્ષમ કોર્ટમાં પુરક આરોપનામાં તરીકે રજુ કરાશે તેવું તપાસ અમલદારે જણાવતા આ કેશમાં આરોપી સામેનો ગાલીઓ વધુ મજબુત બનશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧